# વિમાનવાહક જહાજની દુનિયામાં ડોકિયું



બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

થોડા સમય પહેલાં એક સમાચાર વાંચવામાં આવ્યા કે ચીને ફુજિયન નામનું ડ્રોન એરક્રાફ્ટ કેરિયર તેની નેવીમાં સામેલ કર્યું છે. આજનો સમય એવો છે કે જ્યારે એરક્રાફ્ટ કેરિયર એ કોઈ પણ દેશની લશ્કરી તાકાતનો એક મહત્ત્વનો માપદંડ છે. આ સમાચાર નિમિત્તે વિમાનવાહક જહાજ સંદર્ભે વિશ્વનાં નૌકાદળોની તુલનાની વાત ચાલી છે. આમાં મુખ્ય મુદ્દો એ છે કે અત્યારે વિશ્વમાં કદની રીતે સૌથી મોટું અને ક્ષમતાની રીતે સૌથી શક્તિશાળી વિમાનવાહક જહાજ ક્યાં છે? આ આખી ચર્ચા જેના પરથી શરૂ થઈ છે તે વિમાનવાહક જહાજો ધરાવતા ટોપ-10 દેશોની યાદીમાં ચીનનું ફુજિયાન 5મા ક્રમે છે. 6 અને 7 નંબર પર વધુ બે ચીની વિમાનવાહક જહાજ છે અને ભારતના બે વિમાનવાહક જહાજો INS વિક્રમાદિત્ય અને INS વિક્રાંત અનુક્રમે 8મા અને 10મા ક્રમે છે. પહેલા બે ક્રમે અમેરિકાના બે વિમાનવાહક જહાજો છે. આ ઉપરાંત આ યાદીમાં UK, રશિયા અને ફ્રાન્સના વિમાનવાહક જહાજો સામેલ છે.

આ નિમિત્તે વિચાર આવ્યો કે આ વખતે મહત્તમ પાસાં આવરી લઈને વિમાનવાહક જહાજની દુનિયામાં ડોકિયું કરીએ.

## વિમાનવાહક જહાજનો ઇતિહાસ

દેશના નૌકાદળના કોઈ એક જહાજની તેની ક્ષમતા મુજબ પસંદગી કરીને તેના પર ટેક-ઓફ અને લેન્ડિંગ માટે ખાસ પ્રકારનું ઢાળવાળું પ્લેટફોર્મ તેમ જ કન્ટ્રોલ સેન્ટર બનાવીને તેને વિમાનવાહક જહાજમાં તબદીલ કરીને લશ્કરી કાર્યવાહી દરમ્યાન તેનો ઉપયોગ કરવાની પ્રથા નવેમ્બર, 1910થી જાન્યુઆરી, 1911 દરમ્યાન અમેરિકા અને યુરોપમાં થઈ હતી. તે પછી પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટને એક પ્રયોગ તરીકે પહેલી વાર વિમાનવાહક જહાજનો ઉપયોગ તેના આજના સ્વરૂપે અને લશ્કરમાં તેના એક સત્તાવાર સ્થાન સાથે શરૂ કર્યો હતો. બ્રિટનના આ પ્રાયોગિક વિમાનવાહક જહાજનું નામ હતું HMS Argus હતું, જે એક મર્ચન્ટશિપને બેટલશિપમાં કન્વર્ટ કરીને બનાવાયું હતું. જો કે બ્રિટનનું આ પ્રાયોગિક ધોરણે કન્વર્ટ કરાયેલું આ વિમાનવાહક જહાજ પ્રથમ વિશ્વયુદ્ધમાં કાર્યરત થાય એ પહેલાં જ પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવતાં યુદ્ધમેદાનમાં વિમાનવાહક જહાજનો સત્તાવાર પ્રવેશ થોડા સમય માટે અટકી ગયો. જો કે આ સમયગાળા દરમ્યાન બન્યું એવું કે બ્રિટનના આ પ્રયોગ પરથી પ્રેરાઈને જાપાન અને અમેરિકાએ લશ્કરી ઉપયોગ માટે વિમાનવાહક જહાજ બનાવવાની શરૂઆત કરી દીધી હતી. આ રીતે તૈયાર થયેલું અમેરિકાનું પહેલું વિમાનવાહક જહાજ USS Langley માર્ચ, 1922માં અમેરિકન નૌકાદળનો હિસ્સો બન્યું હતું. એ જ રીતે આવું જાપાનનું પહેલું વિમાનવાહક જહાજ The Hosyo ડિસેમ્બર, 1922માં જાપાનના નૌકાદળનો હિસ્સો બન્યું હતું. એટલે બન્યું હતું એવું કે 1939માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યાં સુધીમાં પરિસ્થિતિ એવી સર્જાઈ હતી કે તત્કાલીન વિશ્વના લશ્કરી દૃષ્ટિએ શક્તિશાળી ગણાતા દેશની પાસે પોતાનું વિમાનવાહક જહાજ હતું અને એટલે બીજા વિશ્વયુદ્ધમાં વિમાનવાહક જહાજની સામેલગીરી આપોઆપ થઈ ગઈ હતી. બીજા વિશ્વયુદ્ધના પ્રારંભિક તબક્કે વિમાનવાહક જહાજની ભૂમિકા અસરકારક રહી હતી. 7મી ડિસેમ્બર, 1941ના રોજ જાપાને અમેરિકાના પર્લ હાર્બર પર અણધાર્યો હુમલો કર્યો તે જાપાનના નૌકાદળના વિમાનવાહક જહાજ પરથી શોર્ટ ટેક-ઓફ અને શોર્ટ લેન્ડિંગ કરી શકતાં વિમાનો દ્વારા થયો હતો. આ ઉપરાંત જાપાનના નૌકાદળના વિમાનવાહક જહાજે ખાસ કરીને પેસિફિક સમુદ્રના મોરચે લડાયેલા નૌકાયુદ્ધોમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.

**વિમાનવાહક જહાજ એક તરતું શહેર હોય છે. એ ન્યાયે નવું INS વિક્રાંત બેનમૂન એન્જિનિયરિંગનું ઉદાહરણ છે. બેથી ત્રણ હોકીના મેદાન ભેગા થાય તેટલા મોટા આ વિમાનવાહક જહાજનો કુલ વિસ્તાર 12,450 ચોરસમીટર છે. 262 મીટર લાંબા અને 62 મીટર પહોળા આ વિમાનમાહક જહાજમાં 88 મેગાવોટનો પાવર ઉત્પન્ન કરતા ચાર જનરલ ઇલેક્ટ્રિક LM-2500 એન્જિન છે, જેનાથી આ વિમાનવાહક જહાજની સ્પીડ 28 નોટ જેટલી છે. આ સ્પીડે તે એકધારું 7,500 નોટિકલ માઇલનું અંતર કાપી શકે છે**

### શું હોય છે વિમાનવાહક જહાજ?

સરળ શબ્દોમાં, વિમાનવાહક જહાજ એટલે એવું જહાજ કે જેના પરથી મધદરિયે વિમાનો ટેક-ઓફ અને લેન્ડિંગ કરી શકે તેમ જ ઉડાન ભર્યા પછીની કાર્યવાહી દરમ્યાન આ વિમાનોનું સંચાલન અને માર્ગદર્શન તે જહાજ પર જ આવેલા કન્ટ્રોલ સેન્ટર પરથી થતું રહે. મૂળભૂત રીતે વિમાનવાહક જહાજ એ મધદરિયે તરતો હવાઈઅડ્ડો છે. દરિયાઈ યુદ્ધમોરચાના પડકારો અને મર્યાદાઓ ધ્યાનમાં રાખીને વિમાનવાહક જહાજ પર ઘણી વિશિષ્ટ સુવિધાઓ હોય છે. જેમ કે આવા જહાજ પરથી ટેક-ઓફ અને તેના પર લેન્ડિંગ કરતાં વિમાનો માટે વિશિષ્ટ ઢાળવાળા પ્લેટફોર્મ્સ બનાવેલા હોય છે. એ ઉપરાંત પ્લેન સાથે સંપર્ક રાખતા કન્ટ્રોલ સેન્ટર અને રડાર સિસ્ટમની વાત કરીએ તો આ બધી વ્યવસ્થા માટે વિમાનવાહક જહાજમાં અલગ ઊંચી જગ્યા ફાળવવામાં આવે છે. તે ઉપરાંત તેના પરનાં વિમાનોને રાખવા માટે અલગ જગ્યા ફાળવાય છે. વિમાનવાહક જહાજ પર તૈનાત વિમાનોની સંખ્યા મર્યાદિત અને નિશ્ચિત રાખવામાં આવે છે.

## યુદ્ધમોરચે વિમાનવાહક જહાજનું મહત્ત્વ

યુદ્ધમોરચે વિમાનવાહક જહાજનું મહત્ત્વ સમજવા માટે અહીં INS વિક્રાંતનો કેસ લઈએ. આ વાતના આરંભે જ એ સ્પષ્ટતા કરવી પડે કે આ INS વિક્રાંત એ 1971વાળું વિમાનવાહક જહાજ વિક્રાંત નથી. તેને તો 1997માં સત્તાવાર રીતે સેવાનિવૃત્ત કરી દેવાયું હતું. આ નવું વિક્રાંત તો માર્ચ, 2024માં જ ભારતીય નૌકાદળમાં સામેલ થયું છે. તેના પુરોગામી વિક્રાંતની યાદ તાજી રાખવા માટે જ નવા વિમાનવાહક જહાજને વિક્રાંત નામ અપાયું છે. ઉલ્લેખનીય છે કે માર્ચ, 2024માં જ નવા વિમાનવાહક જહાજ INS વિક્રાંતની સાથે અન્ય એક વિમાનવાહક જહાજ વિક્રમાદિત્ય પણ ભારતીય નૌકાદળમાં સામેલ થયું છે.

## કેવી છે INS વિક્રાંતની રચના?

વિમાનવાહક જહાજ એક તરતું શહેર હોય છે. એ ન્યાયે નવું INS વિક્રાંત બેનમૂન એન્જિનિયરિંગનું ઉદાહરણ છે. બેથી ત્રણ હોકીના મેદાન ભેગા થાય તેટલા મોટા આ વિમાનવાહક જહાજનો કુલ વિસ્તાર 12,450 ચોરસમીટર છે. 262 મીટર લાંબા અને 62 મીટર પહોળા આ વિમાનમાહક જહાજમાં 88 મેગાવોટનો પાવર ઉત્પન્ન કરતા ચાર જનરલ ઈલેક્ટ્રિક LM-2500 એન્જિન છે, જેનાથી આ વિમાનવાહક જહાજની સ્પીડ 28 નોટ જેટલી છે. આ સ્પીડે તે એકધારું 7,500 નોટિકલ માઈલનું અંતર કાપી શકે છે. આ જહાજ પર 1600 જણના સ્ટાફને રહેવા માટે વિશાળ રસોડાં તેમ જ મહિલા અધિકારીઓ માટેની અલગ કેબિન સહિત કુલ 22 કમ્પાર્ટમેન્ટ્સ છે. 76 % સ્વદેશી માલસામાન સાથે તૈયાર થયેલા આ વિમાનવાહક જહાજનો કુલ ખર્ચ 20,000 કરોડ રૂપિયા જેટલો થયો છે.

## INS વિક્રાંતની સજ્જતા અને યુદ્ધક્ષમતા

આ નવું INS વિક્રાંત સ્વદેશી LCA અને મલ્ટીરોલ MH-60R હેલિકોપ્ટર તેમજ મિગ-29K અને કેમોવ-31 પ્રકારના ફાઈટર જેટ્સ સહિત કુલ 30 વિમાનોને પોતાની એરવિંગમાં સમાવી શકે છે. આ વિમાનવાહક જહાજમાં વિમાનની ઉડાન અને ઉતરાણ માટે STOBAR(Short Take off But Arrested Recovery) મેથર્ડ વપરાય છે. આ કામ માટે વિક્રાંતમાં એક સ્કી-જમ્પ પ્લેટફોર્મ અને ત્રણ એરેસ્ટેડ વાયર છે. તેમ જ આ જહાજનાં વિમાનોની લશ્કરી કાર્યવાહીનું ટેક-ઓફ અને લેન્ડિંગથી માંડીને કન્ટ્રોલ સેન્ટર સુધીનું સંચાલન કરવા માટે 200 જણનો સ્ટાફ સતત ખડેપગે રહે છે.

## ભારતીય વિમાનવાહક જહાજોએ અત્યાર સુધી પાર પાડેલાં મિશનો

1971ના ભારત-પાક. યુદ્ધમાં તે સમયના વિમાનવાહક જહાજ INS વિક્રાંતની ભૂમિકા જાણીતી છે. તે પછી લગભગ ત્રણ દાયકા સુધી આ ભૂમિકા INS વિરાટે ભજવી તેના કાર્યકાળમાં INS વિરાટે શ્રીલંકામાં શાંતિસેનાના ભાગરૂપે કામગીરી કરી તો 1999ની કારગિલ વૉર દરમ્યાન પણ તેની ભૂમિકા ચાવીરૂપ રહી. નૌકાદળને એ યુદ્ધમાં સામેલ થવાની નોબત ન આવી પણ તેને સજ્જ રહેવાનું કહેવાયું હતું અને આપણા નૌકાદળની સજ્જતાએ પાકિસ્તાનને ઢીલું પાડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. 2001માં સંસદ પર હુમલો થયો ત્યારે સરહદે લશ્કર સજ્જ થયું ત્યારે દરિયાઈ સીમા પરના આકાશમાં નજર રાખવા INS વિરાટ પરના રડાર્સ સૌ પ્રથમ સક્રિય થયાં હતાં.

ટૂંકમાં, આજના સમયમાં ભારતના તેમ જ વિશ્વનાં નૌકાદળમાં વિમાનવાહક જહાજની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે.




# જનાદેશનું એન્ટીમોર્ટમ, પોસ્ટમોર્ટમ...
# 'એક્ઝીટ પોલ' થી 'એક્ઝેટપોલ'

સ્માઈલ ઓન
ડો. કિરીટ વૈદ્ય

લગભગ અઢી મહિના અને લગભગ સાત EVI (ઈક્વલ વીકલી ઈન્સ્ટોલમેન્ટ)માં ચાલેલું દુનિયાનું સહુથી મોટું, સહુથી પારદર્શક અને સહુથી નિષ્પક્ષ ચૂંટણીપર્વ ઉજવાયું. લોકસભાની ચૂંટણી જે દર પાંચ વરસે આવે છે અને ભારતની જનતા EVM મશીનમાં યોગ્ય બટન દબાવીને 543 સંસદસભ્યોને મત આપે છે. પહેલો વોટ અને છેલ્લા વોટ વચ્ચે 75 દિવસનું અંતર હોવાથી સ્વાભાવિક છે કે પરિણામ ત્યાર બાદ જ આવેલું હોય છે. 140 કરોડ લોકોના દેશમાં લગભગ ૧૦૦ કરોડ લોકો વોટ આપવા યોગ્ય હોય છે. તેમાંથી વોટીંગના દિવસે ૨ કરોડ લોકોએ પોતાનો મત અધિકાર એક દિવસના રાજાની જેમ આપ્યો અને સોશ્યલ મીડિયા ઉપર આંગળી ઉપર મતબિંદુના ફોટા મૂકીને માણ્યો. આમ તો બધું મળીને 22 જેટલા (દેશિક અને પ્રાદેશિક) પક્ષો એકબીજાની વિરુદ્ધ ચૂંટણી લડતા હતા પણ મુખ્ય સ્પર્ધા બે જ ગ્રુપો વચ્ચે હતી. એક બાજુ દેશભક્ત BJP કમ NDA એટલે કે 'નેશન ફર્સ્ટ' વિચારધારાવાળી ઈન્ડિયા પાર્ટી જે સનાતનની પાંખો ફફડાવી 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' જેવા ઇંધણ સાથે આસમાન તરફ ઊડતી હતી. બીજી બાજુ ઈન્ડિયા એલાયંસ', જે 'ફેમિલી ફર્સ્ટ' ના સૂત્ર સાથે 'વારસાઈ' વિકાસવાળી મહાગઠબંધન પાર્ટી જેમાં હાલ સત્તાવિમુખ છતાં સત્તાવાન્છિત લગભગ 22 સમદુખિયા પક્ષો જેને મોદીજીએ 'ઘમંડીઆ' અને 'મહાઠગબંધન' તરીકે ઓળખાવેલા હતા. જો કે ઈલેક્શન પહેલાં જ તેમાંથી નીતીશકુમાર અને મમતાદીદી નીકળી ગયાં હતાં.

છેલ્લો વોટ 1 જૂને સાંજે સાત વાગે પડ્યો અને મતગણતરી ચોથી જૂને હતી. સ્વાભાવિક રીતે દરેક પક્ષને આરામ કરવા માટે લગભગ 60 કલાક મળ્યા, આ સમયગાળાનો ઉપયોગ પ્રજાના જુદા જુદા વર્ગોએ જુદી જુદી રીતે કર્યો. મોદીજીએ તેમાંથી 45 કલાક વિવેકાનંદ રોક ઉપર 'ધ્યાન'માં બેસીને તનમનનો થાક દૂર કર્યો. વિરોધ પક્ષોને આમાં પણ વાંકું પડ્યું એટલે બધાએ 'મેનકા' બનીને આ 'વિશ્વામિત્ર'નો તપોભંગ કરવા માટે દરેક સોશ્યલ મીડિયા અને ન્યૂઝ મીડિયામાં કકળાટ કરીને ભરપૂર પ્રયત્ન કર્યો. સામાન્ય જનતાએ પણ આ 60 કલાકનો 'ટાઈમપાસ', કોની કેટલી સીટો આવશે તેની ચર્ચામાં પસાર કર્યો. ન્યૂઝ ચેનલો અને તેમના સ્ટાર એન્કરો, સામાન્ય જનતાથી લઈને રાજકીય સ્કોલરો સાથે કોની કેટલી સીટો આવશે તેની 'ચાય ઉપર ચર્ચા' અને 'કોફી ઉપર કુરુક્ષેત્ર' જેવા પ્રોગ્રામોમાં કાર્યરત રહ્યા, જેવું મતદાન પૂરું થયું કે થોડાક જ કલાકોમાં 'એક્ઝીટ પોલ' આવવા માંડ્યા, જુદી જુદી ત્રણ થી ચાર સ્વયાત્ત સંસ્થાઓ વડે સારા એવા પૈસા લઈને એક્ઝીટ પોલ કર્યા. દરેક મુખ્ય ન્યૂઝ ચેનલોએ પ્રદર્શિત કર્યો. નેશન ફર્સ્ટવાળા હરખાયા, ઈન્ડિયા એલાયન્સવાળા ભડક્યા, તે લોકોએ તેનો બહિષ્કાર કરીને જો આવું સાચું પડે તો લડાઈ રસ્તા ઉપર લઈ જવાની ધમકી પણ આપી. એક્ઝીટ પોલ એટલે કોઈ મતદાન કેન્દ્ર ઉપર મત આપીને એક્ઝીટ થતાં લોકોને પ્રશ્નો પૂછીને કરાતો સેમ્પલ સર્વે આ પ્રક્રિયાને સેફોલોજી અને તેના નિષ્ણાતને સેફોલોજીસ્ટ કહેવાય છે. તેમના રાજકારણના અભ્યાસના બહોળા અનુભવ ઉપરથી અને ગ્રાઉન્ડ લેવલ ઉપર ફરીફરીને ડેટા કલેકટ કરીને ચૂંટણીના વર્તારા બહાર પાડે છે.

ચોથી તારીખે પરિણામ આવવા માંડ્યાં. જનતા સ્માર્ટ નીકળી. એક્ઝીટ પોલ પોલા થઈ ગયા. BJPની હાલત 99 ઉપર આઉટ થયેલા સચીન કે વિરાટ જેવી થઈ. 400 પાર તો ઠીક પણ બહુમતીની પાર પણ ના જઈ શક્યા. એ તો સારું થયું કે NDAના ઘટકો નાયડુની તેલુગુ દેશમ અને નિતીશકુમારની JDU જેવી પાર્ટીઓ 28 સીટો જીતી લાવી અને બહુમતી પાર કરાવી પણ 300 પારમાં પનો ટૂંકો પડ્યો. કોંગ્રેસની સીટો તો સતત ત્રીજી વાર 100ની નીચે રહી. નાપાસ થનારા વિદ્યાર્થીના પાસીંગ માર્ક પણ આવે તો પણ જેવી કૂદાકૂદ કરે તેવી વિજય ગર્જના કરી. આખું ઈન્ડિયા એલાયંસ પણ કોરસમાં મોદી હાર્યા મોદી હાર્યા જેવા કોરસમાં ફટાણા ગાવા માંડ્યા. તેમની બાજુ પણ મમતા અને અખિલેશે લાજ રાખી અને ૨૦૦ની પાર ગયા. તેમના મોઢે તો દિલ્હીની ગાડી માટે લાળ ટપકવા માંડી. તે બધાને ઈચ્છા હતી કે સરકાર બનાવે પણ તેમના આંકડા તેમને ઠેકડા મારતા અટકાવતા હતા. ત્યાં મોદીજીએ 'પહેલો ઘા રાણાનો' દાવ ખેલીને પાર્ટી ઓફિસ પર વિજયસભા કરીને તેમને જીતાડવા જનતાનો આભાર માન્યો અને એકબે દિવસમાં જ પ્રેસિડન્ટને મળીને શપથવિધિની તારીખ પણ નક્કી કરી લીધી. એક્ઝીટ પોલના વર્તારા પછી અને ચોથી જૂને શેરબજાર ગગનચુંબી ઉછળ્યું. પરિણામના દિવસે જેમ જેમ રીઝલ્ટ આવતાં ગયાં અને કોઈની પણ ચોક્કસ બહુમતી નહિ આવે તેવું જાહેર થતાં શેરબજાર ડાઉન થયું. બળવાન બુલ બેબી બેર બની ગયું, લોકો અને લોકતંત્રનો વિજય થયો. BJPની ૪૦૦ પાર અને ઈન્ડિયા એલાયંસની 300 નજીકવાળી ધારણાઓ ખોટી પડી. વિરોધ પક્ષ મજબૂત તો થયો પણ આશા રાખીએ કે તે તેની તાકાત દેશના વિકાસમાં રોડા નાખવામાં નહીં કરે. BJPને ઠોકર જરૂર લાગી છે પણ આશા રાખીએ કે તે ઊભા થઈને ઓછી સ્પીડ રાખીને ફરી દોડશે.

**BJPની ૪૦૦ પાર અને ઈન્ડિયા એલાયંસની 300 નજીકવાળી ધારણાઓ ખોટી પડી. વિરોધ પક્ષ મજબૂત તો થયો પણ આશા રાખીએ કે તે તેની તાકાત દેશના વિકાસમાં રોડા નાખવામાં નહીં કરે. BJPને ઠોકર જરૂર લાગી છે પણ આશા રાખીએ કે તે ઊભા થઈને ઓછી સ્પીડ રાખીને ફરી દોડશે**


# પ્રકોપોને કર્મકાંડોની શરમ નડતી નથી

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

ઈ.સ. 2001માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન તરફથી એક વિવાદાસ્પદ નિર્ણય લેવાયો હતો. વર્તમાન શિક્ષણમાં અનુસ્નાતક કક્ષા સુધી જ્યોતિષ અને કર્મકાંડના વિષયોને દાખલ કરવામાં આવે. (એ ઠરાવ પાસ કરાવવામાં તે વખતના માનવસંસાધન વિકાસ મંત્રી ડૉ. મુરલી મનોહર જોષીએ ખાસ ભાગ ભજવ્યો હતો) જોષી તથા UGCના અધ્યક્ષનું માનવું હતું કે આ બે વિષયોનું શિક્ષણ આપવાથી રોજગારીની તકોમાં વધારો થશે. દુઃખદ બીના એ બની હતી કે UGCએ ઉપર્યુક્ત વિચારની સહેલાઈથી સ્વીકૃતિ થઈ શકે તે માટે એક લોભામણો પેંતરો રચ્યો હતો. એ મુદ્દાને તેમણે યુક્તિપૂર્વક ગ્રાન્ટ આપવા સાથે જોડી દીધો હતો અને એ છટકું સફળ પણ નીવડ્યું હતું. દેશની ઘણી યુનિવર્સિટીઓએ જ્યોતિષ અને કર્મકાંડને શિક્ષણમાં દાખલ કરવાની તત્પરતા દાખવી હતી. એટલું જ નહીં એ માટે UGCને આવેદનપત્રો પણ પહોંચાડ્યા હતા. આજે સ્થિતિ શી છે તેની ખબર નથી પણ એ સમાચાર વાંચી એક કહેવતનું સ્મરણ થયેલું. 'કુંભાર રાજા બને તો ગધેડા પર અંબાડી મુકાવે..!' (અને અંધશ્રદ્ધાળુઓ પ્રધાન બને તો શિક્ષણમાં કર્મકાંડ ભણાવે!)

આપણે જ્યોતિષશાસ્ત્રની નિષ્ફળતા અંગે થોડી ચર્ચા કરીએ. એ નિષ્ફળતા હવે તો જગજાહેર બની ચૂકી છે. સત્યશોધક સભાના લાખો રૂપિયાના પડકારો હજી અનટચ રહ્યા છે. જેમણે હિંમત કરી છે તેમણે ભોંઠા પડવું પડ્યું છે. આપણે ત્યાં લગ્ન પૂર્વે જન્માક્ષરો મેળવાય છે. એ પણ જ્યોતિષના ગોત્રનો જ એક ગપગોળો છે. નક્કર સત્ય એ છે કે દાંપત્યજીવનની સફળતા માટે જન્માક્ષરોનો નહીં મનનો મેળ જરૂરી છે. જન્માક્ષરો સંપૂર્ણ મળ્યા હોય છતાં બન્ને વચ્ચે વૈચારિક સંવાદિતા ના હોય તો તેમના વૈમનસ્યને તેમના સારા ગ્રહો અટકાવી શકતા નથી. શ્રી મોરારિબાપુ સાચું કહે છે: "માણસને ગ્રહો નહીં પૂર્વગ્રહો વધુ નડે છે." હવે તો એ સર્વવિદિત હકીકત છે કે જન્માક્ષરો અને ગુણ મેળવીને પરણેલા વરવધૂઓ પણ કૂવો, તળાવ કરીને જિંદગીનો અંત આણે છે તો પ્રશ્ન થાય છે કે તેમના અનુકૂળ ગ્રહ કે કુંડળી તેમના જીવનની એ દુર્ઘટનાઓ કેમ ટાળી શકતા નથી.

**કર્મકાંડો આભાસી શાંતિના ઉપાયો છે. આધ્યાત્મિકતા એ કેવળ નિજાનંદનો વ્યાયામ છે. તેનાથી થોડીક મનોવૈજ્ઞાનિક શાંતિ મળે છે. દુઃખદ વિરોધભાસ એ છે કે એક તરફ આપણે પ્રત્યેક ક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નોલોજીના સહયોગથી વિકસતા વિશ્વ સાથે કદમ મિલાવવાની વાત કરીએ છીએ અને બીજી બાજુ આપણી ભાવિ પેઢીને સત્તરમી સદીનું અંધશ્રદ્ધાયુક્ત વાસી શિક્ષણ આપવાની કુચેષ્ટા કરીએ છીએ**



દુનિયાનો પ્રખર જ્યોતિષી પણ તેના ખુદના જીવનની ભાવિ મુશ્કેલીઓથી અંત સુધી અજાણ રહી જાય છે. એ સંદર્ભે એક સત્યઘટનાનું સ્મરણ થાય છે. એક અખબારમાં એક જ્યોતિષી મહાશય કટાર લખતા હતા. તેઓ લોકોના પ્રશ્નનો જ્યોતિષના આધારે જવાબ આપતા હતા. એક વાર એવું બન્યું કે એક અઠવાડિયા પહેલાં જ એમણે એમની દીકરીની કુંડળીનો અભ્યાસ કર્યો હતો. છતાં દીકરી ભાગી જવાની છે તે વાત અંત સુધી એ જાણી શક્યા ન હતા. બલકે દીકરી ભાગીને ક્યાં ગઈ છે તેની પણ એમને ખબર થઈ શકી નહીં. અંતે છાપામાં જાહેરાત આપવી પડી કે દીકરીનો પત્તો મેળવી આપનારને યોગ્ય બદલો આપવામાં આવશે. જ્યોતિષશાસ્ત્રની નિષ્ફળતાનો આનાથી ઉત્તમ નમૂનો બીજો કયો હોઈ શકે?

કર્મકાંડોની નિષ્ફળતા તો વળી એનાથી પણ વધુ બોલકી છે. ધરતીકંપ ચાલુ હતો ત્યારે સુરત, નવસારી વગેરેમાં લોકો જપ, તપ, હોમ- હવન અને શાંતિયજ્ઞો વગેરેમાં મચી પડ્યા હતા પણ ધરતીકંપના આંચકા ચાલુ જ રહ્યા હતા. લોકોની ઉદ્વિગ્નતામાં પણ કશો જ ઘટાડો થયો ન હતો. ત્યાર બાદ કર્મકાંડોથી નહીં પણ સરકારે ઘરો બાંધી આપવાની જાહેરાત કરી ત્યારે જ લોકોને થોડીક શાંતિ મળી હતી. કર્મકાંડો લોકોની ધાર્મિક કહી શકાય એવી ફલશ્રુતિ છે. નવસારીમાં થોડા સમય પૂર્વે ગુજરાતનો સૌ પ્રથમ 'સોમયોગ' થયો હતો. એ વળી અંધશ્રદ્ધાની એવી જ બીજી વંધ્ય કહી શકાય એવી ફલશ્રુતિ છે. એ યજ્ઞ ધંધારોજગારની વૃદ્ધિ અને ઋતુચક્રની અનિયમિતતાના ઈલાજરૂપે કરવામાં આવ્યો હતો. પ્રશ્ન થાય છે શું યજ્ઞોથી કુદરતના નિયત કાળચક્રમાં કોઈ ફેરફાર લાવી શકાય છે ખરો? અમેરિકામાં ધંધારોજગારની પ્રગતિ માટે કોઈ યજ્ઞો થતા નથી. હાલ અમેરિકામાં પણ મંદી ચાલે છે. તેના ઉપાયરૂપે તેઓ કર્મકાંડો કરાવતા નથી. આપણે ત્યાં છાશવારે અનેક યજ્ઞો, પૂજાપાઠ તથા તરેહ તરેહની ધાર્મિક વિધિઓ થતી રહે છે. છતાં દેશની સેંકડો સમસ્યાઓમાંથી એકાદ સમ ખાવા જેટલી સમસ્યા પણ ઓછી થઈ શકી નથી. આ દેશ અનેક વિકટ પ્રશ્નોથી ઘેરાયેલો છે. પ્રજાનો પ્રત્યેક વાળ દેવામાં ડૂબેલો છે. બચુભાઈ કહે છે: "ઋતુચક્ર પર અને સમય પર જો યજ્ઞોથી કાબૂ રાખી શકાતો હોત તો આપણે ત્યાં આજપર્યંત વિશ્વશાંતિ યજ્ઞો સહિત સેંકડો યજ્ઞો થયા છે અને થતા જ રહે છે. છતાં છાશવારે દુકાળ પડે છે, અતિવૃષ્ટિ થાય છે. ધરતીકંપો પણ થાય છે. એ ઉપરાંત સુનામીનું સંકટ આવે છે. એ સર્વેમાં વધારે નહીં તો 2-5% પણ ઘટાડો થઈ શક્યો હોત. પણ અફસોસ... એવું થયું નથી. કુદરતી પ્રકોપોને કર્મકાંડોની શરમ નડતી નથી.

યાદ રહે કર્મકાંડો આભાસી શાંતિના ઉપાયો છે. આધ્યાત્મિક્તા એ કેવળ નિજાનંદનો વ્યાયામ છે. તેનાથી થોડીક મનોવૈજ્ઞાનિક શાંતિ મળે છે. દુઃખદ વિરોધભાસ એ છે કે એક તરફ આપણે પ્રત્યેક ક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નોલોજીના સહયોગથી વિકસતા વિશ્વ સાથે કદમ મિલાવવાની વાત કરીએ છીએ અને બીજી બાજુ આપણી ભાવિ પેઢીને સત્તરમી સદીનું અંધશ્રદ્ધાયુક્ત વાસી શિક્ષણ આપવાની કુચેષ્ટા કરીએ છીએ. ઘડિયાળના કાંટા ઊંધા ફેરવવાથી કદી પ્રગતિ થઈ શકતી નથી. તાજ્જુબ એ વાતનું છે કે આપણે ત્યાં ઓફિસમાં ઈન્ટરનેટ હોય અને બારસાખે લીંબુ અને મરચું લટકતું હોય!

### ધૂપછાંવ

વિકસતા વિશ્વ સાથે વિચારોને અપડેટ કરવા રહ્યા!